દાખલ તારીખ:–૧૫–૧૨–૨૦૨૦
ફેસલ તારીખ:– ૦૩ –૧૦–૨૦૨૩
કુલ સમય ગાળો:–
...વર્ષ..... માસ....... દિવસ.

**અમદાવાદનાં મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૫, અમદાવાદ.**

**<u>ફો.કેસ નં.૭૬૩૪૦/૨૦</u>**
આંક:

**<u>ફરીયાદી</u>:–** શ્રી સરકાર.

**<u>વિરુધ્ધ.</u>**

**<u>આરોપીઓ:–</u>**
૧. બિલ્કીશબેન વા/ઓફ સરફરાજ ભાઈ
૨. સરફરાજભાઈ અરવીંદભાઈ વોરા
૩. અર્જુનમનબેન અરવીંદભાઈ
તમામ રહે. બેલદરવાડ, શાહપુર.

**ગુન્હો:– ભારતીય દંડ સહીતાની કલમ – ૩૨૩,૨૯૪(ખ),૧૧૪ મુજબ...**

cccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccc

ફરીયાદપક્ષે મદદનીશ સરકારી વકીલશ્રી જયેશભાઈ યાદવ
આરોપીઓ તરફે વિ.વ.શ્રી. પી.આર.પંચાલ

cccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccc

**<u>// ઠ રા વ //</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ ગઈ તા.૧૭/૧૧/૧૮ ના કલાક ૦૯.૦૦ વાગ્યાની આસપાસ ફરી.ના ઘરે ફરીયાદી ની સાથે વાસણ મુકવા જતા બોલાચાલી ઝઘડાઓ કરી ફરી ને તમામ આરોપીઓ ભેગા મળી ગડદા-પાટુનો માર મારી ગંદી ગાળો બોલી એકબીજાની મદદગારી કરી ગુનો કરી ધી ઈ.પી.કો કલમ-૩૨૩, ૨૯૪(ખ),૧૧૪ મુજબ ની ફરીયાદ શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ. જે ફરીયાદનાં આધારે આ કામનાં તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સાહેદોનાં નીવેદનો નોંધી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતો હોય ફોજદારી કાર્યરીતી સહીતાની કલમ ૧૭૩ મુજબ ચાર્જસીટ ફાઈલ કરેલ.

(૨) આ કામે ચાર્જસીટ દાખલ થતા ફોજદારી કાર્યરીતી સહીતાની કલમ ૨૦૪ મુજબ આરોપીઓને સમન્સ કરતા તેઓ ને બજી જતા તેઓ કોર્ટ માં હાજર થતા તેમને ફોજદારી કાર્યરીતી સહીતાની કલમ ૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓની ગુના સબબ આંક- ૨ થી ૪ પ્લી રેકર્ડ કરવામા આવતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા સદર કામ ફરીયાદપક્ષના પુરાવા માટે મુલતવી રાખવામા આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબ ના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| **અ.નું.નં.** | **મૌખિક પુરાવો.** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી જહાનઆરાની સોંગદ પર જુબાની | ૦૫ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| **અ.નું.નં.** | **દસ્તાવેજી પુરાવો.** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૦૬ |
| ૨. | કલોજીંગ પુરશીશ | ૦૭ |

**(૪)** સદર કામે ફરીયાદપક્ષના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા આ કામે આરોપી વિરુધ્ધ ફોજદારી કાર્યરીતી સહીતાની કલમ ૩૧૩ મુજબ વિશેષ નીવેદન નોધવા જેટલો પુરાવો રેકર્ડ ઉપર આવેલો ન હોય આ કામે આરોપીનું વિશેષ નીવેદન નોધવામાં આવેલ નથી. આ કામે ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો પુર્ણથયાનું જાહેર થતા ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી તથા બચાવ પક્ષે આરોપીનાં વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાભળવામાં આવેલી છે.

**(૫)** ઉપરોકત હકિકતોને લક્ષમાં લેતા આ કેસના નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:–

(૧) શુ ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ ગઈ તા. ૧૭/૧૧/૧૮ ના કલાક ૦૯.૦૦ વાગ્યાની આસપાસ ફરીયાદી ના ઘરે ફરીયાદી ની સાથે વાસણ મુકવા જતા બોલાચાલી ઝઘડાઓ કરી ફરી ને તમામ આરોપી ભેગા મળી ગડદા પાટુનો માર મારી ગંદી ગાળો બોલી એકબીજાની મદદગારી કરી ગુનો કરી ધી ઈ.પી.કો કલમ–૩૨૩,૨૯૪(ખ),૧૧૪ મુજબ નો ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>મુદ્દા નં. ૧:–</u>**

(૭) ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ ''પુરાવાનું મુલ્યાંકન'' શબ્દ ને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યા બધ્ધ કરવામા આવેલ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩મા કરવામાં આવેલી સાબીત અને ના–સાબીતીની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમા પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે. ફરીયાદપક્ષે આરોપીઓ પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે. સાબીત થયેલી હકીકત કોને કહેવાય તે જોવામા આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જેતે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનુ માને તો તેવી હકીકત સાબીત થયેલી ગણાય. ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમા ફરીયાદપક્ષે રજુ રાખવા માં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાકન આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત તહોમત મુજબનાં આવશ્કય તત્વોને ધ્યાને રાખી નીચે મુજબ કરવામાં આવે છે.

(૮) આ કામે ફરીયાદપક્ષે આંક–૦૫ થી ફરીયાદી જહાનઆરા અહમદભાઈ ને સોગંદ પર તપાસવામા આવતા તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, આ કામના આરોપીઓ મારા સંબંધી થાય છે અને એક જ ઘરમાં રહીએ છીએ. આશરે પાંચ છ વર્ષ અગાઉ આરોપીઓ સાથે ઘરકામ બાબતે બોલાચાલી થયેલી. બોલાચાલી ઉગ્ર થયેલ હોઈ આવેશમાં આવી મે આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી, તે સીવાય બીજુ

કાંઈ બનેલ નહી. આ બનાવ બાબતે મે પોલીસમાં ફરીયાદ કરેલી. મને ફરીયાદની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવેલ છે તેમાં મારી સહી છે. જે ઓળખી બતાવુ છું. જે આંક–૬ થી રજુ છે. આરોપીઓ સબંધી હોય ઓળખું છું. સદર ફરીયાદી તેમની જુબાનીમા ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ના હોય વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને ફરીગયેલા જાહેર કરવાની મૌખિક વિનંતી કરતા, સાહેદ ને ફરીગયેલા જાહેર કરતા, સદર સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતા ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી. બચાવપક્ષે મુળ ફરીયાદીની કરવામાં અવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, એ વાતનો સ્વિકાર કરવામાં આવેલ છે કે, અમારે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ તે સીવાય બીજુ કાંઈ બનેલ નથી. એ વાત ખરી છે કે કોઈ એ માર મારેલ નથી કે ગંદી ગાળો બોલેલ નથી.

**<u>પુરવાનું મુલ્યાકન:–</u>**

(૯) આમ, આ કામે તપાસવામાં આવેલા ફરીયાદીનો મૌખિક પુરાવો વંચાણે લેતા ફરીયાદીએ પોતાની સરતપાસમાં ફરીયાદ મુજબની કોઈ હકીકત જણાવેલી નહી. આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપ જોવામાં આવે તો ફરીયાદીને તમામ આરોપી ભેગા મળી ગડદા–પાટુનો માર મારી ગંદી ગાળો બોલેલ.જયારે આ કામે તપાસવામાં આવેલા મહત્વનાં સાક્ષીઓ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતા નથી. જયારે આ કામનાં મુળ ફરીયાદીએ પોતાની ઉલટ તપાસ દરમ્યાન એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજુ કાંઈ બનેલ નથી. કોઈએ માર મારેલ નથી કે ગાળો બોલેલ નથી. જેથી આરોપી વિરુધ્ધ આક્ષેપીત તહોમતમાં આરોપીઓને સીધી રીતે સાકળી શકાય તેવો પુરાવો ફરીયાદપક્ષનાં મૌખિક

પુરાવા દરમ્યાન રેકર્ડ ઉપર આવતો ન હોય જેથી આરોપીઓને ભારતીય દંડ સહીતાની કલમ–૩૨૩,૧૧૪ મુજબનાં ગુનામા તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૯.૧)** આ કામે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આરોપીંએ ગાળો બોલી,જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોવાનું જણાવેલ છે. આ બાબતે કાયદાની પરીસ્થિતી જોવામાં આવે તો નામ. ગુજ.વડી અદાલતે '' પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત '' જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં. ૩૩૭ ના ચૂકાદામાં એમ ઠરાવેલ છે કે, **In order to convict an accused under Section-504 of Indian Penal Code,the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence In order toconvict an accused under Section-506(2) of Indian Penal Code, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened.** આમ, નામ. ગુજરાત વડી અદાલતે એમ ઠરાવેલ છે કે, આરોપી ને ભારતીય દંડ સીહતાની કલમ ૫૦૪ હેઠળ તકસીરવાન ઠરાવવા માટે આરોપી ધ્વારા બોલવામાં આવેલા શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે. આરોપી એ ફરીયાદીને કે કોઈ સાહેદને ગાળો કે એવા શબ્દો બોલેલા હોવા જોઈએ કે જેનાથી તેનુ અપમાન થાય અને જેના કારણે સુલેહશાંતિનો ભંગ થાય તેવુ કૃત્ય કરી બેસે. ૨૦૧૧(૩) જી.એલ.આર. પાન નં.૨૫૫૭ (એ.બી.વટાલીચા પી.એસ.આઈ.

વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત) ના ચુકાદામાં થરાવેલ છે કે આરોપીએ કહેલ અસલ શબ્દો રેકોર્ડ ઉપર આવવા જોઈએ. પરંતુ હાલના કામે ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદી તથા સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી કઈ ગાળો બોલેલા તેમ જણાવેલ નથી. વધુમાં આવા અપશબ્દો બોલવાને કારણે ફરીયાદી કે સાહેદનુ અપમાન કરેલ હોય અને તે કારણે સુલેહશાંતિ ભંગ કરેલ હોય તેવી કોઈ હકીકત રેકોર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપી એ ભારતીય દંડ સહિતાની કલમ–૨૯૪(ખ) મુજબનો ગુનો કરેલ હોય તેવુ નિ:શંકપણે ફરીયાદ પક્ષે પુરવાર થતુ નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા મહત્વનાં સાહેદોના પુરાવો જોવામાં આવે તો, ફરીયાદપક્ષના કેસની હીકકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી. જયારે આ કામે ફરીયાદપક્ષે પોતાનો મૌખિક પુરાવો પુર્ણ થયાને જાહેર કરેલ છે. આવા સંજોગોમાં જયારે મહત્વનાં સાહેદો ફરીયાદપક્ષનાં કેસની હીકકતોને સમર્થનકારી પુરાવો આપતા ન હોય આવા સંજોગોમાં આ કામે વધુ સાહેદો તપાસવાથી કેસનાં અંતિમ પરીણામ ઉપર કોઈ અસર થવાની ન હોય જેથી આ કામે વધુ સાહેદો તપાસવામાં આવેલા નથી. આ કામે ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલા દસ્તાવેજી પુરાવો જેવામાં આવે તો, આ કામે રજુ રાખવામાં આવેલ ફરીયાદ તથા અન્ય દસ્તાવેજી પુરાવાને ફરીયાદપક્ષ ધ્વારા રજુ રાખવામાં આવેલ મૌખિક પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ ન હોય જેથી ફકત દસ્તાવેજી પુરાવાનાં આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૧) આમ, આ કામના સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલું ન હોય અને ફરિયાદપક્ષના કેસથી તદ્દન

વિરોધાભાષી જુબાની આપેલી હોઈ તેથી આ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી. આમ, ફરિયાદપક્ષ આ કામના આરોપીની ઉપર મુકવામાં આવેલ તહોમત જેમ કે, આ કામનાં આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલી ગડદા પાટુનો માર પહોંચાડેલ હોવાનો મુકવામાં આવેલ આક્ષેપ નિઃશંકપણે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ, તેના પરિણામ સ્વરૂપે મુદ્દા નં.૧ નિર્ણય નકારમાં આપી તેને અનુસરતા મુદ્દા નં.ર અંગે નીચે પ્રમાણેનો આખરી ન્યાયીક આદેશ ફરમાવું છું.

**:: હુ ક મ ::**

આરોપીઓને ફોજદારી કાર્યરીતી સહીતાની કલમ–૨૫૫(૧) અન્વયે ભારીતય દંડ સંહીતાની કલમ–૩૨૩,૨૯૪(ખ),૧૧૪ મુજબના આક્ષેપાયેલા શિક્ષાપાત્ર ગુનામાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

દરેક આરોપીએ સી.આર.પી.સીની કલમ– ૪૩૭(એ) અન્વયે અપીલ થતાં સુધીના રૂા. ૫૦૦૦/– અંકે રૂપીયા પાંચ હજાર પુરાનાં જાત જામીન તથા તેટલીજ રકમનાં સધ્ધર જામીન રજુ કરવા.

આજરોજ તા.૩ જી, માહે ઓકટોમ્બર, સને ૨૦૨૩ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૦૩ /૧૦/૨૦૨૩

(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)
જીજે–૦૧૧૨૪
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં ૨૫
અમદાવાદ.